ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ અંક : ૨ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ દશમ, સોમવાર ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

યુક્રેનનો રશિયા પર સૌથી મોટો હુમલો: ૧૦૦૦ ડ્રોન છોડ્યા

રશિયન રાજધાની મોસ્કો અને તેની આજુબાજુના વિસ્તારોમાં અસર: બેનાં મોત, ૨૦ને ઇજા

મોસ્કો નજીકની એક ઓઇલ રિફાઇનરીમાં આગ ફાટી નિકળી

મોસ્કો, તા. 20 (AP): ક્રેમલિન તેની સંસદીય ચૂંટણીના ત્રીજા અને અંતિમ દિવસની પૂર્ણાહુતિ કરી રહ્યું હતું તે રવિવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, યુક્રેની દળોએ રાતભર રશિયા પર ૧,૦૦૦થી વધુ ડ્રોન છોડ્યા હતા, જેમાં સેંકડો ડ્રોન મોસ્કો તરફ મોકલવામાં આવ્યા હતા.

મોસ્કોના મેયરે ડ્રોનના આ હુમલાને રશિયન રાજધાની પરનો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો ગણાવ્યો હતો અને જણાવ્યું હતું કે, મોસ્કોની ઓઇલ રિફાઇનરી અને એક રહેણાક મકાનને નુકસાન થયું છે.

સ્થાનિક ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે જણાવ્યું હતું કે, આ હુમલામાં મોસ્કોની આસપાસના વિસ્તારમાં બે લોકોનાં મોત થયાં હતાં અને ૨૦ ઘાયલ થયા હતા. તેમણે જણાવ્યું કે, મૃતકોમાં ૭૪ વર્ષીય પુરુષ અને ૪૪ વર્ષીય મહિલા સામેલ છે.

સોશિયલ મીડિયા પર લખતાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, કિવએ ઓઇલ અને લોજિસ્ટિક્સ સુવિધાઓને નિશાન બનાવવા માટે આ હુમલામાં વિવિધ પ્રકારની મિસાઇલો અને ડ્રોનનો ઉપયોગ કર્યો હતો - જેમાં યુક્રેનની સ્વદેશી રીતે નિર્મિત ફ્લેમિંગો અને પેલિકન મિસાઇલોનો પણ સમાવેશ થાય છે.

''યુદ્ધ મશીનને ટકાવી રાખતા અબજો ડૉલર છે.'' એમ ઝેલેન્સ્કીએ રશિયાની અર્થવ્યવસ્થા પર કિવ જે આર્થિક દબાણ લાવવા માંગે છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું.

રશિયામાં ચાલી રહેલું મતદાન એ દેશની પ્રથમ યુદ્ધ સમયની સંસદીય ચૂંટણી છે - એક એવી મતદાન પ્રક્રિયા જેમાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નીતિઓનો લગભગ કોઈ વિરોધ થયો નથી, જેનાથી ક્રેમલિનનું વર્ચસ્વ અને મજબૂતી લગભગ નિશ્ચિત છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ચાર વર્ષ કરતા વધુ સમયથી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને તે ધાર્યા કરતા ઘણુ લંબાયું છે. આમા અત્યાર સુધી હજારો લોકોનાં મોત થયા છે. વધુ મોત યુક્રેન તરફ થયા છે તે છતા યુક્રેને દેખીતી રીતે પશ્ચિમી દેશોની સહાયથી રશિયાના હુમલાનો મક્કમ જવાબ આપ્યો છે અને છેલ્લા કેટલાક સમયથી તેના હુમલાઓમાં ઉગ્રતા પણ આવી છે. યુક્રેને તાજેતરના મહિનાઓમાં રશિયા વિરૂદ્ધ પોતાના લાંબા અંતરના ડ્રોન હુમલા તેજ કર્યા છે, તેવામાં આ હુમલાઓ કરવામાં આવ્યા છે. ખાસ કરીને રશિયાના ઊર્જા માળખાને નિશાન બનાવવામાં આવી રહ્યું છે, જેથી ક્રેમલિનની આવકના મુખ્ય સ્ત્રોતને અસર પહોંચાડી શકાય, જેના દ્વારા તે તેના યુદ્ધ માટે ફંડ મેળવે છે. આ યુદ્ધ હવે તેના પાંચમા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. આ મહત્વની રિફાઇનરી પર તાજેતરના મહિનાઓમાં પણ યુક્રેનિયન હુમલાઓ થઈ ચૂક્યા છે. આ તાજેતરનો હુમલો એવા સમયે થયો છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે યુક્રેન અને રશિયા એકબીજાના ઊર્જા મથકો પર હુમલો નહીં કરવા સંમત થયા છે. આ સિવાય, ફેબ્રુઆરી ૨૦૨૨માં મોસ્કોએ યુક્રેનમાં પોતાના સૈનિકો મોકલ્યા પછી - જેણે એક એવા સંઘર્ષને જન્મ આપ્યો જેમાં સેંકડો લોકો માર્યા ગયા છે - રશિયનોએ શુક્રવારે દેશની પ્રથમ સંસદીય ચૂંટણીમાં મતદાન કરવાનું શરૂ કર્યું તેના તરત બાદ જ આ હુમલો થયો છે.

ભારત અને જાપાનના હવાઇ દળના વડાઓએ તેજસ વિમાનમાં ઉડાન ભરી

જોધપુરમાં ભારત-જાપાન વાયુસેનાની સંયુક્ત કવાયતમાં ઐતિહાસિક ઘટના.

બંને હવાઇ દળ વડાઓએ જુદા જુદા વિમાનોમાં ઉડાન ભરી અને આકાશમાં સંયુક્ત ફોર્મેશનની રચના કરી

જોધપુર, તા. 20 (PTI): ભારતીય વાયુસેના (આઇએએફ) ના વડા એર ચીફ માર્શલ એ. પી. સિંહ અને તેમના જાપાની સમકક્ષ જનરલ તાકેહિરો મોરિતાએ રવિવારે રાજસ્થાનના જોધપુરમાં ચાલી રહેલા દ્વિપક્ષીય વાયુ યુદ્ધાભ્યાસના ભાગરૂપે ઉડાણ દરમિયાન ભારતના સ્વદેશી લડાકુ વિમાન તેજસમાં અલગ-અલગ ઉડાણ ભરી હતી.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, એર ચીફ માર્શલ સિંહે તેજસ લડાકુ વિમાનમાં એકલા ઉડાન ભરી હતી, જ્યારે જાપાન એર સેલ્ફ-ડિફેન્સ ફોર્સ (જેએએસડીએફ)ના ચીફ ઓફ સ્ટાફે તેજસ યુનિટનું કમાન્ડ સંભાળતા આઇએએફના પાઇલટ સાથે તેજસમાં ઉડાન ભરી હતી.

અધિકારીએ જણાવ્યું કે, ભારત-જાપાન વાયુ યુદ્ધાભ્યાસ 'વીર ગાર્ડિયન' દરમિયાન બંને વડાઓ દ્વારા 'તેજસ ફોર્મેશન સોર્ટી' (એકસાથે ઉડાન) હાથ ધરવામાં આવી હતી, જે લગભગ ૨૦થી ૨૫ મિનિટ ચાલી હતી.

ફોર્મેશન સોર્ટીનું નેતૃત્વ કરનાર એર ચીફ માર્શલ સિંહે જણાવ્યું હતું કે, જેએસડીએફના વડાનો તેજસમાં ઉડાણ ભરવાનો નિર્ણય દેશના સ્વદેશી વિમાનમાં તેમના વિશ્વાસનું ખૂબ જ સ્પષ્ટ ઉદાહરણ છે. વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, જનરલ મોરિતાએ આઇએએફના પાઇલટ સાથે ટ્રેનર વિમાનમાં કેપ્ટન તરીકે ઉડાણ ભરી હતી. ફોર્મેશને એરફિલ્ડની ઉપર ઉડાણ ભરી હતી અને ત્યાર બાદ લેન્ડિંગ માટે પીલ-ઓફ મેન્યુવર (વિમાનને અલગ કરવાની કવાયત) હાથ ધરી હતી.

નેપાળમાં પૂર હોનારતના ત્રણ સપ્તાહ પછી પણ બચાવકાર્ય ચાલુ

મૃત્યુઆંક ૧૪૫૦ થયો, ૬૦૦૦થી વધુ લાપતા

કાઠમંડુ, તા. ૨૦ (પીટીઆઈ) નેપાળમાં ગયા મહિને આવેલા વિનાશક આકસ્મિક પૂરમાં મૃત્યુઆંક રવિવારે ૧,૪૫૦ને વટી ગયો છે. હિમાલયી રાષ્ટ્ર આપત્તિની અસરોમાંથી ધીરે-ધીરે બહાર આવી રહ્યું છે.

નેપાળ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રભાવિત વિસ્તારોમાંથી વધુ શબ મળી આવતાં ૨૬ ઓગસ્ટના આકસ્મિક પૂરનો મૃત્યુઆંક વધીને ૧,૪૫૧ પર પહોંચી ગયો છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક ઉદ્ભવતા આ પૂરે ઉત્તર અને મધ્ય નેપાળનાં શહેરો અને ગામડાઓમાં

...અનુસંધાન પાના 2 પર

દિલ્હીમાં એસઆઇઆર કવાયત હેઠળ વીઆઇપીઓને નોટિસોની ભરમાર

અડવાણી, જયશંકર, મનીષ સિસોદિયા સહિત અનેક મહાનુભાવોને ચૂંટણી પંચની નોટિસ

ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન, દેશના વિદેશ મંત્રી, દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રીને વિગતોમાં વિસંગતતાઓ બદલ નોટિસો

સીબીઆઇના વડા અને ભૂતપૂર્વ લશ્કરી વડાને પણ નોટિસ મળી

આ પહેલા કેજરીવાલ અને તેમના કુટુંબીજનો અને ખુદ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને નોટિસ મળી ચુકી છે

નવી દિલ્હી, તા. ૨૦: પૂર્વ નાયબ વડાપ્રધાન એલ. કે. અડવાણી અને દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા એ દિલ્હીના એવા અગ્રણી મતદાતાઓમાં સામેલ છે જેમના નામ ચૂંટણી પંચની SIR કવાયત હેઠળ રજૂ કરાયેલી વિગતોમાં "વિસંગતતાઓ" માટે નોટિસ પાઠવવામાં આવી રહેલા ૩૩ લાખ લોકોની યાદીમાં સામેલ છે. આ પહેલા દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના કુટુંબીજનો અને દિલ્હીના વર્તમાન મુખ્યમંત્રી રેખા ગુપ્તાને પણ ચૂંટણી તંત્ર તરફથી આ કવાયત હેઠળ નોટિસ મળી ચુકી છે.

ઉપરાંત વિદેશ મંત્રી જયશંકર અને તેમના પત્ની, સીબીઆઇના ડિરેક્ટર પ્રવીણ સૂદ અને તેમના કુટુંબીજનો તથા ભૂતપૂર્વ લશ્કરી વડા ઉપેન્દ્ર દ્વિવેદી અને તેમના પત્નીને ચૂંટણી પંચ તરફથી નોટિસો મળી છે. ૯૮ વર્ષીય અડવાણી, તેમની પુત્રી પ્રતિભા અને પુત્રવધૂ ગીતિકાના નામ ૨૦૦૨ની વિશેષ ગહન સુધારણા (SIR) મતદાર યાદી સાથે મેચ ન થઈ શક્યા હોવાથી તેમને નોટિસ પાઠવવામાં આવી છે, જ્યારે તેમના પુત્ર જયંતે મેપિંગની પ્રક્રિયા સફળતાપૂર્વક પાર કરી લીધી છે. આ ચારેય નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના મતદાતાઓ છે. સિસોદિયા, તેમના પત્ની સીમા અને તેમના પુત્ર મીરને પણ નોટિસ પાઠવવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચૂંટણી પંચે સિસોદિયાને નોટિસ મોકલવાનું કોઈ કારણ દર્શાવ્યું નથી, જ્યારે મીરની નોટિસમાં "માતા-પિતાના નામામાં વિસંગતતા" તરફ ઈશારો કરવામાં આવ્યો છે. તેમના પત્ની સીમાની નોટિસમાં દર્શાવવામાં આવેલું કારણ "તેમના પોતાના નામામાં મેળ ન બેસવો" છે.

ચૂંટણી પંચના એક વરિષ્ઠ

...અનુસંધાન પાના 2 પર

AIના વિકાસની ઝડપ ઘટાડવા સામે અમેરિકાની કોર્ટમાં કેસ દાખલ થયો

કેલિફોર્નિયાની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો

એન્થ્રોપિક, ઓપનએઆઇ, ગૂગલે ગુનાહિત સાંઠગાંઠ કરી હોવાનો દાવો!

આ વિકાસની ગતિ અટકાવવાથી ગ્રાહકોને નુકસાન થશે એવી દલીલ

વોશિંગ્ટન, તા. 20 (AP): એક નવા મુકદ્દમામાં દાવો કરવામાં આવ્યો છે કે, એન્થ્રોપિક, ઓપનએઆઈ, સ્પેસએક્સએઆઈ અને ગૂગલ દ્વારા પોતપોતાના એઆઈ વિકાસની ગતિને ધીમી પાડવા માટે એક ગેરકાયદેસર સમજૂતી કરવામાં આવી હતી.

શુક્રવારે કેલિફોર્નિયાની ઉત્તરીય જિલ્લા માટેની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા આ મુકદ્દમામાં એવી દલીલ રજૂ કરવામાં આવી છે કે અગ્રણી એઆઈ કંપનીઓએ વિકાસની પ્રક્રિયાને ધીમી કરવાના સંયુક્ત પ્રયાસો માટે સહમતિ દર્શાવીને એન્ટિટ્રસ્ટ કાયદાઓનું ઉલ્લંઘન કર્યું છે અને આમ કરવાથી ગ્રાહકોને પેઇડ એઆઈ સબ્સ્ક્રિપ્શન્સ સામે જે મૂલ્ય મળવું જોઈએ તેમાં ઘટાડો થશે.

મુકદ્દમામાં દલીલ રજૂ કરવામાં આવી છે કે, આ સમજૂતી મોટા ભાગે 12 સપ્ટેમ્બરના રોજ થઈ હતી, જ્યારે એન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમોદઈએ ઉન્નત સુરક્ષા પગલાંઓની તરફેણમાં એઆઈની પ્રગતિને મંથર કરવા માટે ઉદ્યોગવ્યાપી સહકારની માંગણી કરતો એક લેખ પ્રકાશિત કર્યો હતો.

તે જ દિવસે ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન, સ્પેસએક્સએઆઈના સીઈઓ ઈલોન મસ્ક અને ગૂગલ ડીપમાઈન્ડના સહ-

...અનુસંધાન પાના 2 પર

આવતીકાલે ગુજરાતના એકતાનગરમાં ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડસ્ વિતરણ સમારંભ

ગાંધીનગર,તા.20: વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્ય પૃષ્ઠભૂમિમાં ૨૨ સપ્ટેમ્બરે એકતાનગર ખાતે ૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સનો ભવ્ય સમારોહ યોજાશે, જેમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વર્ષ ૨૦૨૪ની ભારતીય સિનેમાની શ્રેષ્ઠ સર્જનાત્મક અને તકનીકી સિદ્ધિઓ બદલ દેશભરના ફિલ્મ નિર્માતાઓ, કલાકારો, દિગ્દર્શકો અને ટેક્નિશિયનોને રાષ્ટ્રીય સન્માન એનાયત કરશે. ખાસ વાત એ છે કે નેશનલ ફિલ્મ એવોર્ડ્સને હવે માત્ર રાષ્ટ્રીય રાજધાની સુધી સીમિત ન રાખી દેશના વિવિધ રાજ્યો અને

...અનુસંધાન પાના 2 પર

રાષ્ટ્રપતિ મુર્મુ આજથી ત્રણ દિવસ ગુજરાતમાં

નવી દિલ્હી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૧થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન ગુજરાતની મુલાકાતે રહેશે. એમ તેમના કાર્યાલયે રવિવારે જણાવ્યું હતું. નિવેદનમાં જણાવાયું છે કે, રાષ્ટ્રપતિ ૨૨ સપ્ટેમ્બરે એકતાનગર, કેવડિયા ખાતે ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની અધ્યક્ષતા કરશે. ૨૩ સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિ વડોદરા સ્થિત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ૭૫મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. તે જ દિવસે તેઓ વડોદરા ખાતે બ્રહ્માકુમારીઝના અભિયાન 'સ્પિરિચ્યુઅલ અવેકનિંગ ફોર વર્લ્ડ રિન્યુઅલ' (વિશ્વ કલ્યાણ માટે આધ્યાત્મિક જાગૃતિ)નો પ્રારંભ કરશે અને ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ સિટ્રીટ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે.

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૦-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	0.0 મીમી	૭૭૦ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	33.9 સે.	૨૫.૪ સે.	૭૦%

મુંબઇમાં બેકાબૂ બીએમડબલ્યુ કાર ફ્લાય ઓવર પરથી નીચે ઝિંકાઇ: ૩નાં મોત

મૃતક ત્રણેય યુવાનો ગુજરાતનાં, મુંબઇમાં રહીને ભણતા હતા

કાર પૂર ઝડપે દોડાવાઇ રહી હતી, વહેલી સવારનો સમય હોવાથી રાહદારીઓ ન હતા

મુંબઈ, તા. 20. મુંબઈના કોસ્ટલ રોડ પર વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો છે, જેમાં પૂરપાટ ઝડપે જઈ રહેલી એક કાળા રંગની બીએમડબ્લ્યુ કાર ફ્લાયઓવર પરથી આશરે 75 ફૂટ નીચે ખાબકી હતી. રવિવારે (20 સપ્ટેમ્બર 2026) વહેલી સવારે આશરે 5:20 વાગ્યે બનેલી આ કાળજું કંપાવી દેનારી દુર્ઘટનામાં અમદાવાદના 3 યુવાનોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે, જ્યારે એક યુવાન

...અનુસંધાન પાના 2 પર